# સાધુતાના હિમાલય મહંતસ્વામી

## પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજની જન્મજયંતીએ પ્રસ્તુત

## વિડિયોગીતો તથા નૃત્યગીતોનું આલ્બમ

## ટ્રેક ૧ મંગલાચરણ

વન્દે શ્રીપુરુષોત્તમં ચ પરમં ધામાક્ષરં જ્ઞાનદં

વન્દે પ્રાગજીભક્તમેવમનઘં બ્રહ્મસ્વરૂપં મુદા,

વન્દે યજ્ઞપુરુષદાસચરણં શ્રીયોગિરાજં તથા

વન્દે શ્રીપ્રમુખં મહન્તગુણિનં મોક્ષાય ભક્ત્યા સદા.

કવિઃ સાધુ વિવેકસાગરદાસ

ગાયકઃ જયદીપ સ્વાદિયા

## ટ્રેક ૨થી ૭ સાધુતાના હિમાલય મહંતસ્વામી

સાધુતાના હિમાલય મહંતસ્વામી ચરણે વંદનમ્,
યોગીરાજ પ્રમુખજી હરખે ગુણલા જોઈ નિરંતરમ્. ધ્રુવ.

**અહંશૂન્યતા**

આભ આંબતા ગુણો તણું પણ માન ન દીસે લગારે,
સદાય સૌના દાસ બનીને સૌને એ સત્કારે,
એવી અહંશૂન્યતા કરતી સૌ પર અમૃતવર્ષણમ્. સાધુતાના હિમાલય. ૧

**નિર્મળ અંતર**

હિમ સમ ઉજ્જ્વળ નિર્મળ હૈયું, સૌનાં હૈયાં ઠારે,
જેવા બાહર તેવા ભીતર, સૌનું ભલું વિચારે,
એના અલ્પ પ્રસંગે થાયે જનમન દિવ્યં પાવનમ્. સાધુતાના હિમાલય. ૨

**કરુણા**

કરુણા કેરી ગંગા જમુના બારમાસ જ્યાં વહેતી,
કષ્ટો વેઠીને પણ સૌને સુખ-શાંતિ નિત દેતી,
સ્નાન કરે તે મુક્તિ પામે થાયે ભવદુઃખભંજનમ્. સાધુતાના હિમાલય. ૩

**સમત્વ**

ઊંચ-નીચ કે મારું-તારું ભેદ કદી નવ આણે,
સૌ પર સમાન હેત કરે ને સૌમાં હરિવર ભાળે,
સમત્વયોગે સહેજે જાણે વિશ્વસકલને કુટુંબકમ્. સાધુતાના હિમાલય. ૪

**ભગવાનમાં શ્રદ્ધા**

કીર્તિશિખર શાં કાર્યોનો પણ ભાર લેશ નવ આણે,
સિદ્ધિ મળે કે સુખદુઃખ આવે કર્તા હરિને જાણે,
વાણી હરિમય, વિચાર હરિમય, અખંડ હરિમય વર્તનમ્. સાધુતાના. ૫

**પ્રભાવ**

સ્વપ્ન મહીં પણ કદી ન જે અન્યને આંજવા ઇચ્છે,
છતાંય જેનો પ્રભાવ જગ આ આપોઆપ જ પ્રીછે,
સદા હરિને ધારી કરતા સૌના દિલ પર શાસનમ્. સાધુતાના હિમાલય. ૬

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકઃ સાધુ ગુરુનયનદાસ, સાધુ ગુરુદર્શનદાસ, જયદીપ સ્વાદિયા, અમેય દાતે, ચિંતન રાણા, નીરવ વૈદ્ય, જૈમિન વૈદ્ય અને ગાયકવૃંદ

## ટ્રેક ૮ આ સૂરજ આ ચંદર

આ સૂરજ, આ ચંદર, આ પૃથ્વી, આ સમદર,
આ પર્વત, આ ઝરણાં, આ પંખી, આ હરણાં; સૌ ઊજવે છે જન્મજયંતી,
મહન્તસ્વામીની જન્મજયંતી, આ સ્મૃતિપર્વણી પ્રમુખસ્વામીની.

આ કળીઓ, આ પુષ્પો, આ ડાળો, આ વૃક્ષો,
આ સંતો, આ ભક્તો, આ દેવો, આ મુક્તો; સૌ ઊજવે છે જન્મજયંતી,
મહંતસ્વામીની જન્મજયંતી, આ સ્મૃતિપર્વણી પ્રમુખસ્વામીની.

આ સકલ સૃષ્ટિ હરખાયે, ગુરુહરિના ગુણલા ગાયે;
મહન્તસ્વામીની જન્મજયંતી, ભવ્ય દિવ્ય ઊજવાયે. ધ્રુવ.

સૂરજ સાખ પૂરે છે, ગુરુનાં પંચવર્તમાનોની,
શશી વખાણે શીતળતા, જેનાં અમૃતવચનોની;
સાગર પણ જેના ગુણ ગાયે, જાણે છલકી છલકી,
પૃથ્વી પણ જેને ધારીને, આજે મલકી મલકી.
સંતસ્વરૂપે સાધુતા અહો જગભરમાં દર્શાયે.
મહંતસ્વામીની જન્મજયંતી, આ સ્મૃતિપર્વણી પ્રમુખસ્વામીની. ૧

ઓલી નદીયુંનાં નીર પણ વખાણે, જેના કલ્યાણકારી વિચરણને,
ઓલ્યા ચાંદાનાં તેજ પણ જાણે, જેણે અજવાળ્યાં સૌનાં જીવનને;
ઓલ્યા પહાડોયે કેદી ના આંબે, જેણે રચ્યાં એ ઉન્નત મંદિરને,
ઓલ્યાં ચંદનનાં વૃક્ષો પણ નામે, જેણે ઘસ્યાં અમ કાજે તન મનને.
ઉપકારો તવ અખિલ વિશ્વથી ગાતાં નહીં ગવાયે. મહંતસ્વામીની. ૨

ખીલતી કળીઓ હો કે ખરતાં એ પાન, પ્રમુખસ્વામીને રીઝવવા તાન,
સત્સંગના ઉપવનમાં દાસભાવ, દિવ્યભાવ, સંપ-એકતાનું છે ગાન;
મહંતજીને રાજી કરતાં, સ્વયં હરિ રીઝાયે. મહંતસ્વામીની. ૩

મહંતજીની જન્મજયંતી ભવ્ય દિવ્ય ઉજવાયે.

આ જન્મજયંતી વસુંધરાના સૌભાગ્યતિલકની,
આ જન્મજયંતી ધર્મગગનના નિષ્કલંક ચન્દ્રકની,
આ જન્મજયંતી મીઠપ આપે એ મીઠા સાગરની,
આ જન્મજયંતી સૌના પ્યારા મહંતજી ગુરુવરની...

આ જન્મજયંતી અક્ષરની પુરુષોત્તમના ધારકની,
આ જન્મજયંતી લાખો જનના જીવન-ઉદ્ધારકની,
આ જન્મજયંતી હરિના અનંત સુખના વિતરકની,
આ જન્મજયંતી સૌના પ્યારા મહંતજી ગુરુવરની...

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકોઃ પાર્થિવ ગોહિલ, જયદીપ સ્વાદિયા અને ગાયકવૃંદ

## ટ્રેક ૯થી ૧૨ ગુરુસ્મૃતિ – ગુરુસ્તુતિ પંક્તિનૃત્ય

१. प्रमुखस्वामिने नमः, महन्तस्वामिने नमः
   हरिभक्तिजीवनाय नमो नमः...
२. प्रमुखस्वामिने नमः, महन्तस्वामिने नमः
   सेवामयजीवनाय नमो नमः...
३. प्रमुखस्वामिने नमः, महन्तस्वामिने नमः
   दिव्यप्रेमदायकाय नमो नमः...
४. प्रमुखस्वामिने नमः, महन्तस्वामिने नमः
   अहङ्कारशून्याय नमो नमः...

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકોઃ જયદીપ સ્વાદિયા, અમેય દાતે, પ્રગાધ ગોકાણી, મિહિર પીઠડિયા, જુકેત પટેલ